ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૮-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

રૂપિયો ગગડતો અટકાવીએ...

રૂપિયો એ ભારતીય અર્થકારણનું રાષ્ટ્રીય પ્રતીક છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી રૂપિયાની માઠી દશા બેઠી છે. એનું નામ તો રૂપિયો જ રહ્યું છે પરંતુ ડોલરના તમાચા ખાઈ ખાઈને એ 'કદરૂપિયો' બની ગયો છે. ભારતીય ચલણનું આવું અવમૂલ્યન દેખીતી રીતે દેશના વડાપ્રધાનથી લઈ છેવાડાના માનવી માટે ભારે ચિંતાનો વિષય છે. દેશ આઝાદ થયો તે વખતે રૂપિયો મજબૂત હતો, ભલે બહારની દુનિયામાં એની છાપ એક ગરીબ, અભણ અને પૂર્ણપણે પરાવલંબી દેશ તરીકે હોય. એ વખતે ભારત એ બ્રિટિશ સામ્રાજ્યનો જ એક 'કોલોની'-પ્રદેશ હતો. આઝાદી પછી રૂપિયાની કિંમતમાં સતત ઘટાડો થતો રહ્યો છે. આજકાલ એનું અવમૂલ્યન પરાકાષ્ઠાએ પહોંચી ગયું છે. રૂપિયો તૂટતો જાય છે એમ શેરબજારના ધબકારા તીવ્ર થતા જાય છે. એથી સેન્સેક્સ ઘટતો જાય છે અને દેશમાં રોકાયેલી મૂડી ઝડપભેર ઊપડતી જાય છે. ક્યારેક રશિયાની આવી જ હાલત થઈ હતી રૂબલ એક સમયનું આદરણીય ચલણ હતું પરંતુ અમેરિકા રશિયાની કમર તોડી નાખવા કૃતસંકલ્પ હતું. રૂબલ ગગડતાં ગગડતાં સાવ કાગળિયું બની ગયો હતો તે સુવિદિત છે. રૂપિયો એ હદે તો ક્યારેય નહીં ગગડે એટલો સધિયારો જરૂર રાખી શકાય એમ છે. પરંતુ આજકાલ એની પીઠેહઠ ચાલુ રહેતી જોઈને એના 'શતમુખ વિનિપાત'ની દહેશત જરૂર રહેવી જોઈએ. નાણાપ્રધાન પી.ચિદંબરમ અને વડાપ્રધાન ડો. મનમોહનસિંહ ગગડતી ઈકોનોમીને બચાવી લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. વારંવાર આશ્વાસન પણ આપતા રહે છે કે પરિસ્થિતિ બહુ જલદી સુધરી જશે અને રૂપિયો પાછો એક સ્થિર મુકામ પર ઊંચકાઈ જશે. પરંતુ એમના આશ્વાસનથી પ્રજાને સંતોષ નથી. રાણકદેવીની જેમ આપણા નાણામંત્રીના શબ્દમાં એ તાકાત ખરી કે 'ગગડીશ નહીં-ગબડીશ નહીં' એટલું વેણ ઉચ્ચારતાંની સાથે રૂપિયો પેલા ગિરનારની શિલાની જેમ હવામાં અધ્ધર તોળાઈ રહે? સતીએ કહ્યું : 'મ પડ મારા આધાર, ચોસલાં કોણ ચડાવશે!' અને ગબડતો ગિરનાર સાનમાં સમજી ગયો હતો. રૂપિયાને છેક પાંસઠે પહોંચ્યા પછી વધારે ગબડતો અટકાવવા એવા કોઈ પ્રતાપી કર્ણધારના હાકલા-પડકારા ખપે છે કે શું? ભારતીય અર્થતંત્ર સાબદું છે અને ગમે તેવી આકરી મંદીના સપાટામાં પણ એ પ્રમાણમાં ઈજ્જતભેર એક આગવી શાખ સાથે અડીખમ રહ્યું હતું. અમેરિકા મંદીના માર માંથી ઊગરી રહ્યું છે ત્યારે ભારતમાં મંદીનાં કાળાં ડિબાંગ વાદળો ઘેરાઈ રહ્યાં છે કે શું? ૧૯૯૧માં ભારતીય અર્થતંત્રની શાખ તળિયે પહોંચી ગઈ હતી. વિદેશી મુદ્રાનો ભંડાર ખાલી થઈ જવાની અણી પર હતો, તેથી તિજોરીમાંથી સોનું વેચવા કાઢવું પડ્યું હતું. ચંદ્રશેખરના કાર્યકાળમાં ગીરો મુકાયેલું સોનું રાજીવ ગાંધીના શાસનકાળમાં પાછું લાવી શકાયું હતું. ભારતીય અર્થકારણને સંગીન સ્થિતિમાં પાછું આણવા માટે વડાપ્રધાન નરસિંહરાવે એક અર્થશાસ્ત્રી નાણાપ્રધાન શોધી કાઢ્યા હતા, જે છેલ્લાં સવા નવ વર્ષથી આપણા વડાપ્રધાન છે! કેવી વિડંબના છે કે એ જ વડાપ્રધાનના શાસનકાળના છેલ્લા તબક્કામાં ઈકોનોમીને ગ્રહણ લાગી ગયું છે. રૂપિયાનું સતત ધોવાણ થતાં આપણે જે કોઈ ચીજવસ્તુ આયાત કરીએ છીએ તે વધુ મોંઘી પડવાની. વિશેષ પણે પેટ્રોલ અને ડીઝલ જેવી રોજિંદી જરૂરિયાતની કોમોડિટીના ભાવ વધતાં બાકીની ઘણી વસ્તુઓનું મૂલ્ય વધી જતાં ગરીબ અને મધ્યમ વર્ગની કમર તૂટી જશે. વિદેશમાં ભણવા માગતા વિદ્યાર્થીઓનું ભણતર મોંઘું થઈ જશે. વિદેશ પ્રવાસ પણ એક વિશેષ સમૃદ્ધ વર્ગને જ પોસાઈ શકશે. એક તરફ ડુંગળી રોવડાવી રહી છે, બીજી તરફ રૂપિયો ઓગળીને પાઈ બની ગયો છે. આ વિકટ સ્થિતિમાંથી ઊગરવા માટે નાણામંત્રી ચિદંબરમે સોનું નહીં ખરીદવાની સલાહ આપી છે. પરંતુ મહાસત્તા બનવાની દિશામાં ઉન્મુખ રાષ્ટ્ર એવી કરકસર કરવા તૈયાર છે ખરું? યેનકેન પ્રકારેણ ગગડતો રૂપિયો વહેલી તકે ખણખણતો થાય તે જરૂરી છે.

કે.બી. ફાર્મસી કોલેજ દ્વારા એપોકેલીપ્સ ૨૦૧૩નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૩

કે.બી. ફાર્મસી કોલેજ ગાંધીનગર દ્વારા એપોકેલીપ્સ ૨૦૧૩નો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં ગુજરાતીની ૧૫ ફાર્મસી કોલેજમાંથી ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જોડાયા.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માસિટીકલ્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ દ્વારા બે દિવસીય એપોકેલીપ્સ ૨૦૧૩નું પ્રારંભ કરવામાં આવ્યો હતો. એપોકેલીપ્સના ઉદ્‌ઘાટન એફ.ડી.સી.એ.ના ભૂતપૂર્વ કમિશ્નર ડૉ. એસ.પી. આદેશરા, કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરના ડાયરેક્ટર ડી.ટી. કાપડીયા, કે.બી. ફાર્મસી કોલેજના આચાર્ય ગૌરાંગભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કે.બી. ફાર્મસી કોલેજના આચાર્ય ડૉ. ગૌરાંગભાઈ શાહે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં આ કાર્યક્રમના વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, એપોકેલ્પીસના આયોજનના મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને ઉજાગર કરવા માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે જેમાં ફાર્મસીને લગતી વિવિધ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓના માનસિક વિકાસ માટે તૈયાર થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન છેલ્લા ચાર વર્ષથી કરવામાં આવે છે. કાર્યક્રમનું સંચાલન પણ વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવે છે.

ડૉ. એસ.પી. આદેશરાએ કોલેજની આ કામગીરીની બિરદાવી હતી. સાથે દેશ-દુનિયામાં વિદ્યાર્થીઓએ કેવી સજ્જતા કેળવવી અને ફાર્મસી કોલેજના પ્રાધ્યાપકોએ વધુમાં વધુ વિદ્યાર્થીઓ પાસે રિસર્ચ કરાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલ તમામ મહાનુભાવોએ યોજાનારા બેદિવસ યોજાનાર આ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર આ કાર્યક્રમમાં ગુજરાતની ૧૫ ફાર્મસી કોલેજના ૬૦૦ જેટલાં વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમનું સંચાલન સેમિસ્ટર-૫માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આવ્યું છે.

અલી આ પૈસાદારનો છોકરો લાગે છે. હાથમાં કિંમતી મોબાઈલ છે અને મોંમાંથી કાંદાની વાસ આવે છે...!!

રેશનલ સમાજની ૨૫મીએ બેઠક મળશે

ગાંધીનગર, તા.૨૩

રેશનલ સમાજ ગાંધીનગરના ઉપક્રમે પ્રખર રેશનાલીસ્ટ અને 'મહારાષ્ટ્ર અંધશ્રધ્ધા નિર્મૂલન સમિતિ'ના પ્રમુખ ડૉ.નરેન્દ્ર દાભોકરની ક્રૂર હત્યા કરાઈ હોવાના સંદર્ભે એક તાકીદની બેઠક આવતીકાલે તા. ૨૫મી ઓગસ્ટ ૨૦૧૩ને રવિવારે સાંજે ૫-૦૦ કલાકે નિસર્ગસાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘટાઈપ, સે-૨૩ ગાંધીનગર ખાતે મળશે.

બેઠકમાં ડૉ. નરેન્દ્ર દાભોલકરને સ્મરણાંજલિ આપવામાં આવશે તદઉપરાંત મહારાષ્ટ્ર સરકારે 'અંધશ્રધ્ધા નિર્મૂલન કાયદો' કેબીનેટમાં પસાર કરવાનો નિર્ધાર કર્યો છે. એને પગલે ગુજરાત સરકાર પણ ગુજરાતમાં 'અંધશ્રધ્ધા નિર્મૂલન કાયદો' ઘડે તેવી માંગણી કરતો ઠરાવ કરવામાં આવશે.

આ સભામાં ગુજરાતના રેશનાલિસ્ટ ચતુરભાઈ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહેશે તો સૌ રેશનાલીસ્ટ મિત્રો તેમજ રસ ધરાવતા નાગરિકોને બેઠકમાં ઉપસ્થિત રહેવા ખાસ અનુરોધ કર્યો છે.

શ્રી પી.કે. મહિલા કોલેજ ખાતે યુવા મહોત્સવ ૨૦૧૩ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૭ ખાતે આવેલ શ્રી પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં 'યુવા મતદાર મહોત્સવ ૨૦૧૩'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં મોટી સંખ્યામાં કોલેજની બહેનોએ ભાગ લીધો હતો.

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ઈલેકશન સેલ અને એન.એસ.એસ. યુનિટના સહયોગથી રાજય સરકારે નક્કી કરેલ 'યુવા મતદાર મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મેસ્કોટ ડીઝાઈનીંગ, ફલેશ મોલ અને ગીત/રેપ લેખનની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કોલેજની ભાગ લીધેલ બહેનોને પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, ઈલેકશન ઓફીસર પ્રા. વાઘેલા, હેમાંગીનીબેન, નરેન્દ્રભાઈએ વિજેતા વિદ્યાર્થી બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંગેનું માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ ખાતે શાળાના વિદ્યાર્થીઓને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિશે ગીફટસીટીના ફાયર ચીફ ઓફિસર જાડેજા તથા વિપુલભાઈ, હર્ષદભાઈ, વર્ષાબેન પટેલ મુવી આધારિત નિર્દશન કાર્યક્રમને માર્ગદર્શન આપ્યું હતું.

સિદ્ધાર્થ લો કોલેજના જી.એસ.ની નિમણૂંક

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૧૬માં આવેલી સિદ્ધાર્થ લો કોલેજમાં તાજેતરમાં સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે જી.એસ. તરીકે શામળસિંહ વાઘેલાની નિમણુંક કરવામાં આવી છે. કોલેજના આચાર્ય દિલીપ મેવાડાએ સંસ્થા તરફથી જી.એસ. શામળસિંહ વાઘેલાને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

સીનીયર સીટીઝન કાઉન્સિલે કલ્યાણજીના પરાની શાળામાં શિક્ષણપયોગી વસ્તુનું વિતરણ

સીનીયર સીટીઝન કાઉન્સિલ ગાંધીનગર મંત્રી તથા સભ્યશ્રીઓ દ્વારા કલ્યાણજી પરૂ કુમાર તેમજ કન્યા શાળામાં ધોરણ ૧થ૪ ૮માં ગણવેશ, પેન્સિલ, રબ્બર, નોટબુક તથા ચોપડાનું વિતરણ કરી નાના ભૂલકાઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય, શિક્ષક સ્ટાફ તથા નાના ભૂલકાંઓ, ગ્રામજનોએ સીનીયર સીટીઝન કાઉન્સિલનો આભાર વ્યક્ત કર્યો હતો.

આજે આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર શહેરના સેકટર-૧૬માં આવેલા સોમનાથ મહાદેવ મંદિરમાં શ્રી માઈ મંડળ દ્વારા આનંદના ગરબાનું ૨૪મી ઓગષ્ટ-૧૩ના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક આયોજન કરવામાં આવ્યું છે.

પાણી અને ગટર વ્યવસ્થા બોર્ડની બેઠક યોજાશે

ગુજરાત પાણી પુરવઠા બોર્ડ અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા આવતીકાલે તા. ૨૫મી ઓગષ્ટના રોજ એક વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડની બેઠકમાં કર્મચારી/અધિકારી મંડળના હોદ્દેદારોની નવી પેનલ માટેની ચૂંટણી કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બોર્ડના સચિવ તથા મુખ્ય વહીવટી અધિકારી એચ.એન. પટેલ હાજર રહેશે.

એમ.બી. પટેલ શાળા દ્વારા નારી સંરક્ષણ કેન્દ્રની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની જાણીતી સંસ્થા કડી સર્વ વિદ્યાલયની એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલની વિદ્યાર્થિનીઓ તેમજ સ્ટાફ દ્વારા સમાજમાંથી પિડીત મહિલાઓ માટે કામ કરતી સંસ્થા નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લીધી હતી.

શાળાની ૭૫ વિદ્યાર્થીઓ દ્વારા નારી સંરક્ષણ કેન્દ્રની મુલાકાત વખતે ઘણાજ ભાવસભર દૃશ્યો સર્જાયા હતા. સમાજમાં સ્ત્રીઓને પડતી મુશ્કેલી અને તેમની પરિસ્થિતિ વિશે જાણકારી મેળવી હતી. નારી સંરક્ષણ કેન્દ્રની મહિલાઓ સાથે પ્રાર્થના અંતાક્ષરી, વિશેષ માહિતી તેમજ પ્રશ્નોત્તરી દ્વારા કેન્દ્રની બહેનો માટે થોડા સમય પુરતુ સ્મીત રેલાયુ હતુ. આ પ્રસંગે કેન્દ્રના પ્રમુખ શર્મિષ્ઠાબહેન દવે, પલ્લવી મહેતા, જશોદાબહેન તથા લીનાબહેન, દક્ષાબહેન સોલંકી તેમજ તમામ સભ્યોએ વિદ્યાર્થિનીઓને વિશેષ માહિતી આપી હતી. વિદ્યાર્થિનીઓ દ્વારા કેન્દ્રની બહેનો માટે પુસ્તકો, ફળ ફળાદિ તેમજ બહેનોને લગતી જીવન જરૂરિયાતની વસ્તુઓની ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના ડૉ. વર્ષા પારેખ, સૂપર્ણા મુખર્જી, શિલ્પા ઠક્કર, સ્નેહા પટેલ અને ટીના પટેલે હાજરી આપી વિદ્યાર્થીનીઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતુ. તેમજ શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને આ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

સિ.સિ.કા. દ્વારા ગણવેશ, ચોપડા-નોટબુકનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૩

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા ગાંધીનગર જિલ્લા અને શહેરની પાંચેક શાળાઓના ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓને તાજેતરમાં ગણવેશ, ચોપડા અને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કલ્યાણજીનું પરૂ કુમાર શાળા, કન્યા શાળા, મોટી આદરજ કન્યા શાળા અને વડલીનું પરૂ મિશ્ર શાળા તેમજ સેક્ટર-૨૪ની સરકારી પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ગણવેશ, ચોપડા, નોટબૂક, રબર, પેન્શિલ, બોલપેન વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાઓના ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો હતો. સમગ્ર વિતરણ કાર્યક્રમમાં સિ.સિ.કા.ના મંત્રી, સમિતિના કન્વીનર ભોગીલાલ ઠક્કર, મેનેજીંગ ટ્રસ્ટી જીવણલાલ શાહ, સહમંત્રી બી.ડી. શાહ, રમેશભાઈ મહેતા, બાબુભાઈ પંચાલ, સોમાભાઈ પરમાર, દિલીપભાઈ શાહ અને મનહરભાઈ શાહે સેવા આપી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ગાંધીનગર અને ગાર્ડી રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ ફોર ડાયસ્પોરા સ્ટડીઝ દ્વારા ગાંધીનગર ખાતે 'ગુજરાતી વર્ણમાલા અને વ્યાકરણ : ગઈકાલ, આજ અને આવતીકાલ' વિષય પરત્વે મહત્વપૂર્ણ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું તે પ્રસંગે ઉદ્‌બોધન કરી રહેલ કુલપતિશ્રી ડૉ. કમલેશ જોશીપુરા, પેન્સીલવેનીયા યુનિવર્સિટીના પ્રો. બાબુ સુથાર, કુલસચિવશ્રી બિપિનભાઈ ભટ્ટ, ગુજરાતી ભાષાભવનના અધ્યક્ષશ્રી બળવંતભાઈ જાની, ઉદ્‌ઘાટકશ્રી ચંદ્રકાંત શેઠ, પ્રિ. કલ્પેશ પાઠક તેમજ રાજયના વિવિધ જિલ્લાઓમાંથી ભાગ લઈ રહેલ શિક્ષકો અને પ્રાધ્યાપકો નજરે પડે છે.

શેરી રમત - 3
ગીલ્લી દંડા (મોઇ ડાંડિયો)
- અનંત ન. વ્યાસ

● રમતનું નામ : મોઇ ડાંડિયો
ખેલાડીઓની સંખ્યા : છ થી આઠ (બે કરતાં વધારે)
રમવાના સાધન : ગીલ્લી દંડો
ખેલાડીનું વયજુથ : ૮ થી ૧૨ વર્ષ
રમવાનું સ્થળ : મેદાન, શેરી
● રમવાની પદ્ધતિ :

ગીલ્લી દંડા એ આપણી લોકપ્રિય રમત હતી. નાનપણમાં ગીલ્લી દંડા ન રમ્યો હોય તેવો ભાગ્યે જ કોઇ મળે. સૌરાષ્ટ્રમાં આ રમતને 'મોઇ ડાંડિયો' કહે છે આજે તો ક્રિકેટનાં અનુસરણમાં આ રમત ભુલાતી જાય છે. પરંતુ સામા પણ ક્રિકેટ જેવો જ આનંદ મળે છે ને કંઇ ખર્ચ થતો નથી. લાકડાના બે ટુકડાની ગીલ્લી તથા દંડો બાળકો બનાવી લે છે. આ રમત દ્વારા પણ ખડતલપણું - ચોકસાઇ તથા શક્તિ કેળવાય છે. આ રમત જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા નામે પણ રમાય છે મુખ્યત્વે ત્રણ પ્રકારે આ રમત રમાતી જોવા મળી છે.

● પદ્ધતિ - ૧

સામાન્યત : આ પ્રકાર તમામ જગ્યા પર એક સરખી રીતે રમાય છે. સૌ પ્રથમ બાળકો જમીન પર છ ઇંચ લાંબો વચ્ચે થોડો પહોળો તથા બંને બાજુ સાંકડો ખાડો ગાળે છે. આ ખાડાને 'ગબ્બી' કહેવાય ત્યાર પછી રમવાનો ક્રમ નક્કી થાય. દાવ લેનાર બાળક ગીલ્લીને ગબ્બી પર બરાબર ગોઠવે. એ સમય દરમિયાન અન્ય ખેલાડીઓ સામી બાજુ પર ઊભા રહી જાય. બાળક પોતાનો દંડો ગીલ્લી પાછલ ગોઠવી. બળપૂર્વક ગીલ્લી હવામાં ઉછાળે. સામેના બાળકો ગીલ્લીને ઝીલી લેવાનો પ્રયત્ન કરે. જો કેચ થઇ જાય તો ખેલાડી આઉટ થાય ને તે પછીનો વારો આવે.

જો કેચ ન થાય તો જયાં ગીલ્લી પડી હોય ત્યાં બાળકો જાય. તે દરમિયાન દાવ લેનાર પોતાનો દંડો ગીલ્લી પાછળ મુકે. ખેલાડીમાંથી કોઇ પણ એક ખેલાડી ગીલ્લી ઉપાડી - દંડાનું નિશાન લઇ ઘા કરે. જો એ દંડાને આંટી જાય તો દાવ પુરો થાય. જો ખેલાડીને બીજી વાર જીવનદાન મળે તો પછી દાવ લેનાર ગીલ્લી ઉપાડી યોગ્ય રીતે ગોઠવી ને તેની અણી પર દંડો મારે. પરિણામે ગીલ્લી હવામાં ઉછળે. ઉછળતી ગીલ્લીને હવામાં હોય ત્યાં જ દંડા વડે ફટકારવામાં આવે. ફટકો વાગે તો ગીલ્લી દુર પડે ને ન વાગે તો ત્યાં જ પડે.

ત્રીજા તબક્કામાં દાવ લેનાર ગીલ્લી તથા ગીલ્લી વચ્ચેનું ખેતર મનમાં વિચારી, દંડા માગે, સામવાળાને એ માગણી વ્યાજબી લાગે તો કહે, 'આપ્યા' માગણી ગેર-વ્યાજબી લાગે તો કહે 'માપ્યા.'

જો 'માપ્યા' કહે તો ગીલ્લી પડી હોય ત્યાંથી ગબ્બી સુધી, વાસ્તવિક માપ કઢાય. માપનારે તો પોતાનો એક હાથ પીઠ પર રાખવાનો. જો માપ બરાબર નીકળે તો દાવ ચાલુ રહે. ક્રિકેટ જેમ ખેલાડી ના નામે દંડા જમા થાય, ને માપ કરતાં દંડો જો ગલ્લીને અડી જાય તો દાવ પુરો થાય. ઓછામાં ઓછો કેટલાં દંડા માગી શકાય તે નક્કી હોય... આ રમતમાં ઘણી જગ્યાએ દંડાને ગબ્બી પાછળ મુકવાનો બદલે ખેલાડી હાથમાં લઇ ગલ્લી આગળ ઊભો રહે. અને ક્રિકેટમાં જેમ બેટ્સમેન દડાને ફટકારે છે તેમ ગીલ્લીને ફટકારી દંડા માગે જયારે જયારે ગીલ્લી હવામાં ઉછળે ત્યારે તેનો કેચ કરવાની છૂટ હોય છે.

દંડાના સ્કોર પણ નિયત કરેલો હોય છે. જેનો જેનો સ્કોર પુરો થતો જાય કે પાકતા જાય ને હટી જાય. છેલ્લે રહેનાર પર દાવ આવે, તમામ ખેલાડી વારાફરતી ગીલ્લીને ફટકારતા આગળ જાય ને છેલ્લા સ્થળેથી ગબ્બી સુધી છેલ્લા રહેનારે લંગડી કરવી પડે.

આ રમત પાર્ટી પાકીને પણ રમાય છે દાવ દેનાર તથા લેનાર સિક્કો ઉછાલી નક્કી થાય છે. જેને દેસમાં 'પત-લઠ' કહે છે. લગભગ ૫૦૦ દંડાનું લક્ષ્ય રખાય છે. જે પક્ષ પાંચસો દંડા પ્રથમ કરે તે જીત્યા ગણાય. ઘણી જગાએ દાવ લેનાર પક્ષના જેટલા ખેલાડી હોય તે સૌનો દંડા પાછળ મુકાય. તેને વિરોધ પક્ષ આંટવા પ્રયત્ન કરે.

● પદ્ધતિ - ૨ (એક કાગુ)

આ વ્યક્તિગત રમત છે. બે કે ત્રણ ખેલાડી રમે છે રમતની પ્રારંભમાં દરેક ખેલાડી વારાફરતી ગીલ્લીને ગબ્બી પર ગોઠવી. દંડા વડે હવામાં ઉછાળે,ને પછી તેને હવામાં જ ફટકો મારવામાં આવે. જયાં ગીલ્લી પડે ત્યાં ચોકડી કરી નિશાળી કરવામાં આવે. તમામ ખેલાડીની ચોકડી થઇ જાય પછી જેને ગીલ્લી ગબ્બીથી તદ્દન નજીક પડી હોય તેના માથે દાવ આવે. દાવ દેનારે જેની ચોકડી સૌથી દૂર હોય ત્યાંથી દાવ દેવાની શરૂઆત કરવી જોઇએ. દાવ લેનાર પોતાનો દંડો ગબ્બી પાસે મુકે સામાન્યતઃ ગબ્બીથી એક ફૂટના અંતરે દંડો મુકાય છે. દાવ દેનાર દંડાને આંટવાનાં પ્રયત્ન કરે. અંટાઇ જાય તો દાવ પુરો. જો ન અંટાય દાવ-લેનાર ગીલ્લી ઉપાડી. યોગ્ય રીતે ગોઠવી તેને દૂર ફટકારવાનો યત્ન કરે. દાવ દેનારે ફરી આંટવાનું આમ જયાં સુધી તમામ ચોકડી પરનાં ખેલાડી આઉટ થાય દાવ-દેનારનો વારો આવે, અગાઉનાં તમામ ખેલાડીઓએ તેની ચોકડી પરથી તેના દંડાને આંટવો પડે. આમાં અગાઉનું પુનરાવર્તન થાય ને દાવ લેનારને પણ બદલો લેવાની તક મળે. ત્રીજી રમત 'નેતરી' નામે ઓળકાય છે. જે ભાગ્યે જ ક્યાંક રમાય છે જે લાંબો સમય ચાલે ને તે માટે વિશાળ મેદાન જોઇએ...

આ રમતમાં સૌરાષ્ટ્રમાં દંડા માપવા માટે કેટલીક જગાએ જે અંક બોલાય છે. તે જાણવા જેવો છે જેમાં વેંકટ - રહેંટ - મૂઠ - નાર - આંખ - કોણી જકડું...

આ અંક દક્ષિણની કોઇ ભાષાના અંકો છે.